# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-08-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SATURDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

*******************************************************

1) **મુખ્યમંત્રી યાંત્રિકરણ યોજના હેઠળ કૃષિ સાધનોની ખરીદી માટે ખેડૂતોને અપાયેલી મુદતમાં 15 દિવસનો વધારો કરાયો.**

2) **નેપાળમાં આવેલા વિનાશક પૂરની ઘટનામાં રાજ્યના 25 લોકો ગુમ.**

3) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે.**

4) **રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની વચ્ચે આગામી પાંચ સપ્ટેમ્બર સુધી સામાન્ય વરસાદી આગાહી.**

5) **ગાંધીનગરમાં સબ-જુનિયર બોય્ઝ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ સ્પર્ધામાં આજે છોટાઉદેપુર, રાજકોટ અને આણંદની ટીમનો વિજય.**

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJ GOVT DECISION

રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી યાંત્રિકરણ યોજના હેઠળ કૃષિ સાધનોની ખરીદી માટે ખેડૂતોને અપાયેલી મુદતમાં 15 દિવસનો વધારો કરાયો. આ અંગે કૃષિમંત્રી જીતુ વાઘાણીએ કહ્યું , ખેડૂતો, ધારાસભ્યો અને સંસદસભ્યો સહિતના આગેવાનોની રજૂઆતને ધ્યાને રાખી સરકારે નિર્ણય કર્યો છે. સાથે જ તેમણે ઉત્પાદકોને સમયસર સાધનો પહોંચાડવા પણ અપીલ કરી.

**(BYTE: JITU VAGHANI, AGRICULTURE MINISTER)**

*"ખેડૂતો દ્વારા મંત્રીશ્રીઓ દ્વારા ધારાસભ્યો અને સાંસદ સભ્યો દ્વારા ભારતીય જનતા પાર્ટી દ્વારા રજૂઆતો મળી કે જે ઓજારો છે અને સાધનો છે એ ઉત્પાદકો ખેડૂતોને સમય મર્યાદામાં પહોંચાડી શકે એમ નથી. આ મુશ્કેલીને ધ્યાનમાં રાખીને માનનીય ભુપેન્દ્રભાઈના નેતૃત્વમાં ચાલતી સરકાર એમના માર્ગદર્શન નીચે એક મહત્વનો નિર્ણય કે જે પાત્રતા ધરાવીને મંજૂર થયા છે એમને વધારાના ૧૫ દિવસ ખરીદવા માટેની મંજૂરી એ વધારવામાં આવી છે."*

# GUJ PEOPLE IN NEPAL

નેપાળમાં આવેલા વિનાશક પૂરની ઘટનામાં રાજ્યના 25 લોકો હજી ગુમ હોવાના અહેવાલ છે. SEOC એટલે કે, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના જણાવ્યા મુજબ, અમદાવાદના આઠ, આણંદના પાંચ, ખેડાના 3, રાજકોટ, વલસાડ, ગાંધીનગર અને સુરતના એક-એક, મૂળ ગાંધીનગરના પણ અમેરિકાના નાગરિક એવા ત્રણ લોકો ગુમ હોવાનું જણાયું છે.

દરમિયાન નેપાળ પ્રવાસે ગયેલા અમરેલીના કામતપ્રસાદ ચૌહાણ પૂરની અસરથી સંપૂર્ણ સલામત હોવાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે, ગઈકાલે સાંજે તેમના સેવક સાથે થયેલી વાતચીત મુજબ હાલ તેઓ સ્થાનિક આશ્રમમાં રોકાયા છે.

અમદાવાદનાં ગુમ થયેલા દંપતી મિહિર પટેલ અને કિન્નરી પટેલનાં પરિવારનાં સભ્ય ઉત્પલ પટેલે આ અંગે પ્રતિક્રિયા આપી.

## (BYTE: UTPAL PATEL)

***"सरकार की ओर से लगातार हमारे संपर्क में है, दिल्ली से लेके अहमदाबाद कलेक्टर तक और वो लोग भी लगातार हमारे से इन्फॉर्मेशन ले रहे हैं कि ग्रुप के किसी का कॉन्टैक्ट हुआ नहीं हुआ और सरकार नेपाल और चाइना की गवर्नमेंट के साथ भी बिल्कुल लगातार संपर्क में है। पर अभी तक कोई जानकारी पक्की मिल नहीं पाई है।"***

# EVE PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 137-મી કડી હશે. આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનની તમામ ચૅનલ્સ , આકાશવાણી સમાચારની વૅબસાઈટ અને મૉબાઈલ ઍપ પર કરાશે.

સાથે જ આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ્સ પર પણ “મન કી બાત” કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું પ્રસારણ કરશે.

# GNR DNT FREE DAY

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ વિચરતી-વિમુક્ત જાતિઓના સર્વાંગી ઉત્કર્ષ અને આત્મનિર્ભરતા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ગાંધીનગરમાં DNT એટલે કે , વિમુક્ત જાતિઓના મુક્તિ દિવસ નિમિત્તે યોજાયેલા વિશેષ સમારંભને સંબોધતા શ્રી વાજાએ તમામને વિકસિત સમાજના નિર્માણ માટે પાંચ સંકલ્પ લેવડાવ્યા. તેમણે યુવાનોને ડિજિટલ યુગમાં મોબાઈલ અને ઇન્ટરનેટનો ઉપયોગ નવી ટૅક્નોલૉજી , કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. અને ડિજિટલ કૌશલ્ય શીખીને આત્મનિર્ભર બનવા આહ્વાન કર્યું.

# MRB MARKETING YARD ELECTION

**મોરબી માર્કેટિંગ યાર્ડની આગામી નવ સપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે. આ માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ હતો. જ્યારે ઉમેદવારો આગામી બીજી સપ્ટેમ્બર સુધી ઉમેદવારીપત્ર પરત ખેંચી શકશે  તેમ જિલ્લા રજિસ્ટ્રાર બિમલ પટેલે જણાવ્યું.**

## (BYTE: BIMAL PATEL, DISTRICT REGISTRAR)

*"મોરબી માર્કેટિંગ યાર્ડની ચૂંટણીનો આજે ફોર્મ ભરવાનો દિવસ છે. આવતીકાલે ચકાસણી છે , ૨-૯ તારીખે ફોર્મ પાછા ખેંચવાનો દિવસ છે અને નિર્ધારિત સંખ્યા કરતાં જો વધારે ઉમેદવાર ઉમેદવારી કરશે તો ૯ તારીખે મતદાન અને ૧૦ તારીખે મતગણતરીની જોગવાઈ છે. અત્યાર સુધીમાં ખેડૂત વિભાગમાં ૨૨ ફોર્મ ઉપડેલ છે અને વેપાર વિભાગમાં ૬ ફોર્મ ઉપડેલ છે. ખેડૂત વિભાગમાં ૧૦ બેઠક માટેની આ ચૂંટણી છે અને વેપાર વિભાગમાં ૪ બેઠક માટેની આ ચૂંટણી છે. ખેડૂત વિભાગમાં ૧૫૦૭ મતદાર છે , વેપાર વિભાગમાં ૫૧ મતદાર છે."*

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# SOMNATH TRAIN SHRAVAN

ભાવનગર રેલવે મંડળમાંથી પસાર થતી વેરાવળ-ગાંધીનગર કૅપિટલ-વેરાવળ દૈનિક એક્સપ્રેસ અને ભાવનગર-વેરાવળ-ભાવનગર દૈનિક પેસેન્જર ટ્રેનમાં વધારાના જનરલ કોચની વ્યવસ્થા કરાશે. સોમનાથ દર્શન માટે આવતા મુસાફરોની સુવિધા માટે આગામી એકથી 11 સપ્ટેમ્બર સુધી આ વ્યવસ્થા રહેશે , તેમ ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું

# EVE WEATHER UPDATE

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. દરમિયાન આજે સાંજે છ વાગ્યા સુધીમાં માત્ર આઠ તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ આઠ મિલીમીટર વરસાદ વલસાડના કપરાડા તાલુકામાં નોંધાયો. આ સાથે દક્ષિણ ગુજરાતમાં અત્યાર સુધી 103 ટકા જેટલા વરસાદ સાથે રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ 75 ટકાથી વધુ વરસાદ થયો છે.

બીજી તરફ, હવામાન વિભાગે આગામી પાંચ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરી છે. દરમિયાન માછીમારો માટે કોઈ ચેતવણી અપાઈ નથી.

# NATIONAL SPORTS DAY

હોકીના જાદુગર તરીકે વિખ્યાત પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનિત મહાન ખેલાડી મેજર ધ્યાનચંદજીની સ્મૃતિમાં આજે રાજ્યભરમાં ‘રાષ્ટ્રીય રમત દિવસ ’ ની ઉજવણી કરવામાં આવી રહી છે.

ભરૂચમાં કાળી તલાવડી વિસ્તાર ના રમતગમત સંકુલ ખાતે યોજાયેલી એથ્લેટિક્સ સ્પર્ધામાં 179 ખેલાડી, જ્યારે 17 અને 19 વર્ષથી ઓછી વયની બેડમિન્ટન સ્પર્ધામાં 173 સ્પર્ધકોએ ભાગ લીધો. વિજેતા અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા આ ખેલાડીઓ આગામી સમયે રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેશે. કાર્યક્રમ દરમિયાન ખેલ મહાકુંભની નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ કરાયો.

ડાંગમાં વઘઈની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજમાં કરાયેલી ઉજવણીમાં મેજર ધ્યાનચંદજીની સિદ્ધિઓને યાદ કરવામાં આવી. તેમજ 45 વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ રમતગમત, સ્વાસ્થ્ય અને સ્વચ્છતાની પ્રતિજ્ઞા પણ લીધી.

બોટાદમાં પણ દિવ્યાંગ ખેલાડીઓએ રાષ્ટ્રીય રમત દિવસ ઉજવ્યો.

# RAJYAPAL AMD SPORTS DAY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે યુવાનોના સર્વાંગી વિકાસ માટે રમતગમતને અનિવાર્ય ગણાવ્યું. અમદાવાદમાં એક કાર્યક્રમને સંબોધતા રાજ્યપાલશ્રીએ કહ્યું , આજના સમયમાં મોબાઈલની લત બાળકોના ભવિષ્યને નુકસાન પહોંચાડી રહી છે. તેમાંથી બહાર નીકળવાનો શ્રેષ્ઠ માર્ગ રમતના મેદાનો છે. આ પ્રસંગે તેમણે કુરુક્ષેત્ર ગુરુકૂળના પોતાના અનુભવ પણ યાદ કર્યા હતા.

(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR OF GUJARAT)

*"इस समय बहुत बड़ी हमारे देश में नहीं, विश्व भर के किशोर बालकों के लिए, उभरते युवाओं के सामने चुनौती संकट खड़ा हो गया है, मोबाइल और उसमें तरह-तरह की ऐसी चीज़ें जो बालकों के लिए बहुत अच्छी नहीं मानी जाती। उससे यदि बालकों को बचाना तो भाषणों से नहीं बचाया जा सकता, उसका केवल और केवल एक तरीका खेल के मैदान।"*

# STATE FOOTBALL COMPETITION

ગાંધીનગરમાં આયોજિત સબ-જુનિયર બોય્ઝ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ સ્પર્ધામાં આજે છોટાઉદેપુરે દેવભૂમિદ્વારકાને, રાજકોટે જામનગરને અને આણંદની ટીમે બોટાદની ટીમને પરાજય આપ્યો.

હવે આવતીકાલે ગૃપ ઈ, એફ અને જી-માં છોટાઉદેપુર અને વલસાડ વચ્ચે પહેલી, જામનગર અને મોરબી વચ્ચે બીજી તથા આણંદ અને સુરત વચ્ચે ત્રીજી મેચ રમાશે. અત્યાર સુધી રમાયેલી મેચ બાદ કચ્છ, બરોડા, ભાવનગર, અમદાવાદ અને રાજકોટની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી. જ્યારે બીજી ત્રણ ટીમ આવતીકાલની મેચ બાદ નક્કી થશે. તો, આગામી બીજી સપ્ટેમ્બરે ફાઈનલ મેચ રમાશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્ય ફૂટબોલ સંગઠન દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં રાજ્યના 21 જિલ્લાની ટીમ ભાગ લઈ રહી છે.

# MINISTER PRAVIN MALI VAN MAHOSTAV

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણ માળીની અધ્યક્ષતામાં બનાસકાંઠામાં 77-મા જિલ્લાકક્ષાનો વન મહોત્સવ ઉજવા  યો. દાંતીવાડા તાલુકાના રામસીડા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મંત્રીશ્રીએ બે હેક્ટર જમીનમાં તૈયાર કરાયેલા વન કવચનો શુભારંભ કરાવ્યો. સાથે જ તેમણે લોકજાગૃતિ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ લોકો સુધી પહોંચાડવા માટેના વૃક્ષરથનું પણ પ્રસ્થાન કરાવ્યું.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે , રાજ્યમાં નદીઓના બંને કાંઠે વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવાનો નિર્ણય કરાયો અને તેની શરૂઆત બનાસકાંઠાથી કરાશે. આ વૃક્ષારોપણમાં માત્ર વાવેતર જ નહીં , પરંતુ રોપાઓનો સર્વાઇકલ રેશિયો સારો રહે અને વાવેલા રોપાઓ વૃક્ષ બને ત્યાં સુધી તેનું જતન થાય તે બાબતને પ્રાથમિકતા અપાશે.